PRGI : GJGUJ/25/A4373

દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

કોઈપણ કિંમત પર સમાચાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

Weekly સાપ્તાહિક ગુજરાતી

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. મો.૯૮૯૮૬૯૩૯૮૫ E-mail : badshahpathan@gmail.com

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

તા.૧૭-૦૮-૨૦૨૬ । અંક નં.33 । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 17-08-2026 I Isseu No. 33 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

## ખેડબ્રહ્મામાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય જિલ્લાકક્ષાની ઉજવણી
## પ્રભારી મંત્રીએ ધ્વજારોહણ કરી તિરંગો લહેરાવ્યો

દેશના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની સત્તાવાર અને ઉત્સાહભેર ઉજવણી સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકા મથક ખાતે અત્યંત ભવ્ય માહોલમાં યોજાઈ ગઈ હતી. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સાબરકાંઠાના પ્રભારી મંત્રીના વરદ હસ્તે સન્માનપૂર્વક ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને આકાશમાં લહેરાતા આઝાદીના પ્રતિક સમો તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

આ ગૌરવવંતા પ્રસંગે જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ, લોકપ્રતિનિધિઓ, પદાધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ તેમજ ખૂબ જ મોટી સંખ્યામાં તાલુકા અને જિલ્લામાંથી આવેલા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજારોહણ બાદ પ્રભારી મંત્રીએ પરેડનું નિરીક્ષણ કરી માર્ચ પાસ્ટની સલામી ઝીલી હતી. આ સાથે જ તેમણે દેશની સ્વતંત્રતા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર તમામ અમર શહીદો અને સ્વતંત્રતા સેનાનીઓને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

‘વિકસિત ભારત‘ના સંકલ્પ સાથે વિકાસલક્ષી અભિગમ

કાર્યક્રમ દરમિયાન સભાને સંબોધતા પ્રભારી મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશ હાલ ×વિકસિત ભારત×ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જનકલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે, જેના સરાહનીય ફળ છેવાડાના સામાન્ય માનવી સુધી પહોંચાડવા માટે તંત્ર કટિબદ્ધ છે.

તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખની ગ્રાન્ટ અને પ્રતિભાઓનું સન્માન

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને વધુ યાદગાર બનાવતા મંત્રીના હસ્તે ખેડબ્રહ્મા તાલુકાના વિવિધ સર્વાંગી વિકાસના કાર્યો માટે રૂ. ૨૫ લાખનો ચેક વહીવટીતંત્રને અર્પણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, શૈક્ષણિક, સામાજિક અને અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરીને જિલ્લાનું નામ રોશન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ, રમતવીરો તેમજ અધિકારી-કર્મચારીઓનું સન્માન પત્ર અને સ્મૃતિચિહ્ન આપી વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું.

દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બન્યા

મુખ્ય સમારોહના અંતે વિવિધ શાળાઓના બાળકો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો, રાસ-નૃત્ય અને નાટકો દ્વારા સમગ્ર વાતાવરણને દેશપ્રેમના રંગે રંગી દીધું હતું. બાળકોની આકર્ષક પ્રસ્તુતિએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને જનમેદનીના મન મોહી લીધા હતા. અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

●

## ઈડરના લાલોડા રોડ પર વરસાદી પાણી ભરાતાં ભારે હાલાકી
## કુબેર પ્લાઝા નજીક રસ્તો બિસ્માર, તંત્ર મુકપ્રેક્ષક



સિવિલ હોસ્પિટલ જવાના મુખ્ય માર્ગ પર કાદવ-કીચડ અને ખાડાનું સામ્રાજ્ય સ્થાનિક દુકાનદારો દ્વારા રેતી-માટીના ઢગલા કરી પાણીનો પ્રવાહ રોકાયાનો આક્ષેપ બંધ સ્ટ્રીટલાઈટના કારણે રાત્રિના સમયે ભારે અકસ્માતની ભયંકર શક્યતા :

ઈડર તાલુકાના લાલોડા રોડ પર આવેલા કુબેર પ્લાઝા નજીક વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે જાહેર માર્ગ પર ભારે જળબંબાકાર અને કાદવ-કીચડની સ્થિતિ સર્જાઈ છે. આ રસ્તો લાલોડા ગામ તથા સ્થાનિક સિવિલ હોસ્પિટલ તરફ જતો મુખ્ય માર્ગ હોવાથી રોજના સેંકડો દર્દીઓ, વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

રેતી-માટી નાખી પાણીનો પ્રવાહ અવરોધવાનો આક્ષેપ સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, કુબેર પ્લાઝાના કેટલાક દુકાનદારો દ્વારા રસ્તાની બાજુમાં રેતી અને માટીના મોટા ઢગલા ખડકી દેવામાં આવ્યા છે. જેના કારણે વરસાદી પાણીનો કુદરતી પાણીનો કુદરતી નિકાલ અટકી ગયો છે અને પાણી માર્ગ પર જ ભરાઈ રહે છે. સતત પાણી ભરાઈ રહેવાના કારણે ડામરનો રોડ તૂટી ગયો છે અને મોટા-મોટા ખાડા પડી ગયા છે.

સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી અકસ્માતનો ભય કુબેર પ્લાઝા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો પણ લાંબા સમયથી બંધ હોવાથી અકસ્માતનો ભય કુબેર પ્લાઝા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો પણ લાંબા સમયથી બંધ હાલતમાં છે. રાત્રિના સમયે અંધારામાં કાદવ-કીચડ અને પાણીથી ભરેલા ખાડા ન દેખાતા હોવાથી દ્વિચક્રી વાહનચાલકો સ્લીપ થઈ જવાના અને નાના-મોટા અકસ્માતો થવાનું જોખમ ખૂબ વધી ગયું છે.

તંત્રની નિષ્ક્રિયતા સામે જનરોષ તારીખ ૦૧/૦૮/૨૦૨૬ના રોજ લેવાયેલા ફોટોગ્રાફિક પુરાવા સાથે સ્થાનિકોએ અગાઉ ઈડર નગરપાલિકા, સાબરકાંઠા કલેક્ટર, નાયબ કલેક્ટર અને મામલતદાર કચેરી સુધી લેખિત તથા મૌખિક રજૂઆતો કરી હતી. તેમ છતાં, તંત્ર દ્વારા માત્ર સ્થળ પર આવીને સર્વે કરવાનો દેખાડો જ કરવામાં આવ્યો છે, કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

લોકોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે કેટલાક દુકાનદારો સરકારી કર્મચારીઓ સાથે પહોંચ ધરાવતા હોવાનો દાવો કરીને કાર્યવાહીથી બચી રહ્યા છે. આ બાબતે તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરી સત્ય બહાર લાવવું જરૂરી બન્યું છે.

સ્થાનિકોની મુખ્ય માંગણીઓ:

કુબેર પ્લાઝા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે તાત્કાલિક ડ્રેનેજ/ગટરની સફાઈ કરવામાં આવે.

જાહેર માર્ગ પરથી રેતી, માટી અને કપચીના તમામ ગેરકાયદેસર અવરોધો દૂર કરવામાં આવે.

બંધ પડેલી સ્ટ્રીટલાઈટો તાત્કાલિક ચાલુ કરવામાં આવે.

બિસ્માર બનેલા રોડનું સત્વરે સમારકામ કરવામાં આવે.

હવે ઈડર નગરપાલિકા અને સંબંધિત તંત્ર આ ગંભીર સમસ્યા પ્રત્યે ધ્યાન આપીને કાયમી ઉકેલ લાવશે કે પછી લોકોની હાલાકી આમ જ ચાલુ રહેશે, તે જોવું રહ્યું.

# લૉ કોલેજ, હિંમતનગરના વિદ્યાર્થીઓની જિલ્લા જેલની શૈક્ષણિક મુલાકાત




હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગર દ્વારા શુક્રવારના રોજ જિલ્લા જેલ, હિંમતનગર ખાતે એક શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. કાયદાના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ મળી રહે અને ફોજદારી ન્યાય વ્યવસ્થાની કાર્યપદ્ધતિની સમજ કેળવાય તે હેતુસર આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શૈક્ષણિક કાર્યક્રમમાં કોલેજના ૪૨ વિદ્યાર્થીઓ તથા ૫ પ્રોફેસરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેલ અધિકારી શ્રી જે.જી.ચાવડા સાહેબે વિદ્યાર્થીઓને જેલની આંતરિક કામગીરી, ત્યાંની સુરક્ષા વ્યવસ્થા, કેદીઓનું રોજિંદુ જીવન તેમજ તેમને મળતા કાનૂની અધિકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને જેલના વિવિધ વિભાગોની રૂબરૂ મુલાકાત લેવાની પણ તક પ્રાપ્ત થઈ હતી, જેના દ્વારા તેમને પુસ્તકિયા જ્ઞાનની સાથે-સાથે વ્યવહારુ સમજ પણ મળી.

આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, હિંમતનગરના સેક્રેટરી જજ શ્રી સી.પી.ચારણ સાહેબ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના એક ભાગરૂપે સેક્રેટરી જજ શ્રી સી.પી.ચારણ સાહેબ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના એક ભાગરૂપે સેક્રેટરી જજ શ્રી સી.પી.ચારણ સાહેબ, જેલ અધિકારી શ્રી જે.જી.ચાવડા સાહેબ તથા લૉ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા જેલ પરિસરમાં વૃક્ષારોપણની ઉમદા કામગીરી પણ કરવામાં આવી હતી, જેનાથી પર્યાવરણ જાગૃતિનો સંદેશ પણ પ્રસર્યો હતો.

કોલેજના સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓના સહકારથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

બપોરના સમયે રેલવે ટ્રેક (LC 82) ઉપર કુલ ૪ વિશાળ સ્ટીલ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા. લોન્ચ કરાયેલા આ ચારેય સ્ટીલ ગર્ડરનું કુલ વજન ૧૨૧ મેટ્રિક ટન છે, જ્યારે દરેક ગર્ડરની લંબાઈ ૩૭.૨૦૦ મીટર છે. આ નવનિર્મિત ઓવરબ્રિજની કુલ લંબાઈ ૬૨૩.૨૦ મીટર અને પહોળાઈ ૭.૫૦ મીટર રાખવામાં આવી છે.

આ અત્યાધુનિક ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ થવાથી સાબરકાંઠા જિલ્લાના નાગરિકો અને વાહનચાલકોની અવરજવર સરળ બનશે. આ ઉપરાંત હિંમતનગર શહેરના મુખ્ય વિસ્તારોમાં વર્ષોથી સતાવતી ટ્રાફિકની જટિલ સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. આ બ્રિજના નિર્માણથી સ્થાનિક વેપારીઓ, રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ●

# હિંમતનગરમાં આડેધડ પાર્કિંગ સામે ટ્રાફિક પોલીસનું ઝુંબેશ: ડઝનબંધ વાહનો ટો કરાયા




હિંમતનગર શહેરમાં જાહેર માર્ગો પર બેફામ રીતે પાર્ક કરવામાં આવતા વાહનો સામે ટ્રાફિક પોલીસે આજે કડક કાર્યવાહી હાથ ધરીને ઝુંબેશ સ્વરૂપે આડેધડ પાર્ક કરાયેલા દ્વિચક્રી વાહનોને ટોઈંગ વાહન મારફતે ઉઠાવી લેવાની કામગીરી શરૂ કરી છે.

શહેરના શ્રી ભદ્રકદેશ્વર મહાદેવ મંદિર પરિસર નજીક તથા અન્ય જાહેર માર્ગો પર નો-પાર્કિંગ ઝોનમાં તથા રસ્તાની બંને બાજુ બેફામ રીતે પાર્ક કરવામાં આવેલા બાઈક, સ્કૂટર જેવા વાહનોના કારણે રાહદારીઓ તથા અન્ય વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ટ્રાફિક જામની સમસ્યા વારંવાર સર્જાતી હોવાની ફરિયાદો બાદ પોલીસ તંત્રએ કડક પગલાં ભરવાનો નિર્ણય લીધો હતો.

ટોઈંગ વાહન દ્વારા કાર્યવાહી

"ON DUTY TRAFFIC POLICE" લખેલા વિશેષ ટોઈંગ વાહન (ટાટા ૪૦૭ ગોલ્ડ, મારફતે ટ્રાફિક પોલીસની ટીમે મંદિર પરિસર તથા આસપાસના વિસ્તારોમાંથી ખોટી રીતે પાર્ક કરાયેલા એક પછી એક દ્વિચક્રી વાહનોને દોરડા વડે બાંધીને ટ્રકમાં ચડાવી ઉઠાવી લીધા હતા. ઘટનાસ્થળે પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ હાજર રહી સમગ્ર કામગીરી પર દેખરેખ રાખી રહ્યા હતા.

નાગરિકોમાં ચર્ચાનો વિષય

અચાનક શરૂ થયેલી આ કાર્યવાહીના કારણે સ્થળ પર વાહનમાલિકો તથા સ્થાનિક નાગરિકોમાં ભારે ચર્ચા જાગી હતી. ઘણા વાહનચાલકો પોતાના વાહનો પરત મેળવવા પોલીસ સ્ટેશન ધક્કા ખાવા મજબૂર બન્યા હતા. ટોઈંગ કરાયેલા વાહનોને છોડાવવા માટે નિયમ મુજબ દંડ ભરવો પડશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

પોલીસની અપીલ

ટ્રાફિક પોલીસે શહેરીજનોને અપીલ કરી છે કે વાહનો નિયત પાર્કિંગ સ્થળે જ પાર્ક કરવામાં આવે અને નો-પાર્કિંગ ઝોન, જાહેર માર્ગો તથા મંદિર-ધાર્મિક સ્થળોના પ્રવેશદ્વાર પાસે વાહનો ઊભા ન રાખવામાં આવે. જો નાગરિકો સ્વયં શિસ્ત નહીં જાળવે તો ભવિષ્યમાં પણ આ પ્રકારની ટોઈંગ કાર્યવાહી નિયમિતપણે ચાલુ રાખવામાં આવશે તેમ ટ્રાફિક પોલીસ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આ કાર્યવાહીના પગલે શહેરમાં ટ્રાફિક શિસ્ત જળવાય તેવી અપેક્ષા પોલીસ તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# ઈડરમાં રેહમાની મદ્રેસાના બાળકો દ્વારા ઉત્સાહભેર "તિરંગા રેલી" યોજાઈ



આઝાદીના પર્વની ઉજવણી નિમિત્તે ઈડર કસ્બા મુસ્લિમ મોટી જમાતના આયોજન હેઠળ અને રેહમાની મદ્રેસાના બાળકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ×તિરંગા રેલી×નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જુમ્માની નમાજ બાદ બપોરે ૩:૦૦ કલાકે જુમ્મા મસ્જિદ, ઈડર ખાતેથી રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

હાથમાં તિરંગા અને લીલા રંગના ધ્વજ લઈને મોટી સંખ્યામાં બાળકો, યુવાનો અને વડીલોએ રેલીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ×ભારત માતા કી જય× અને ×જય હિન્દ×ના નારાઓ સાથે રેલી જુમ્મા મસ્જિદથી નીકળી ઈડર નગરપાલિકા સુધી પહોંચી અને ત્યાંથી પરત જુમ્મા મસ્જિદ ખાતે સમાપન થયું.

આ પ્રસંગે દેશપ્રેમ, એકતા અને ભાઈચારાનો સંદેશ આપતાં આયોજકોએ જણાવ્યું હતું કે બાળકોમાં નાનપણથી જ રાષ્ટ્રભક્તિનું સિંચન થાય અને સર્વધર્મ સમભાવ તથા એકતાની ભાવના મજબૂત બને તે હેતુસર દર વર્ષે આ રેલીનું આયોજન કરવામાં આવે છે. રેલીમાં ઈડર કસ્બા મુસ્લિમ મોટી જમાત પ્રમુખ મહમદ હારુન. મદ્રેસા ચેરમેન. સરફરાઝ નાગોરી. ??મોલાના સાહબ. સય્યદ વારિસ અલી.?? મસી આસિફ સાહબ ??હાફિજ શાહબાજ સહિત મુસ્લિમ સમાજના બંધુઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમગ્ર રેલી દરમિયાન શહેરમાં દેશભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને તિરંગા ધ્વજથી ઈડરનું આકાશ રંગબેરંગી બની ગયું હતું. ●

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

# ખેરાલુના ડાવોલ ગામમાં બાળકોના સ્વાસ્થ્ય માટે ઐતિહાસિક નિર્ણય ?૫ અને ?૧૦ના પડીકાંના વેચાણ પર સખત પ્રતિબંધ


॥ વંદે માતરમ્ ॥ મો.૯૬૮૭૭૮૨૦૦૫

ડાવોલ ગ્રામ પંચાયત

સરપંચ : મંજુલાબેન ગોવિંદભાઈ પરમાર

મુ.ડાવોલ, તા.ખેરાલુ, જિ.મહેસાણા. (ઉ.ગુ.) પીન.૩૮૪૩૨૫

જા.નં. 05 તા. 11-08-026

જાહેર નોટીસ

આથી ડાવોલ ગામના હદ વિસ્તારમાં આવતા તમામ દુકાનદારોને નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ડાવોલ ગામના નાના બાળકોના સ્વાસ્થ્યને અસર કરતાં નાના પેકેટ (પડીકા) કે જેની કિંમત રૂ.૧૦/- તથા રૂ.૫/- છે. તેવા નાના પડીકાંના વેચાણને પ્રતિબંધ કરવા ડાવોલ ગામના ગ્રામજનો ધ્વારા ગ્રામસભામાં નક્કી કરવામાં આવેલ છે. તેથી તા.૧૫-૦૮-૨૦૨૬ સુધી આપની પાસે રહેલ નાના પડીકાનો જથ્થો પૂરો કરી તા.૧૬-૦૮-૨૦૨૬ થી વેચાણ સંપૂર્ણપણે બંધ કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુરવાર અથવા વેચાણ કરતાં કોઈ દુકાનદાર પકડાશે તો તેને પ્રથમવાર રૂ.૧૦૦૦/- દંડ તથા બીજી વાર પકડાશે તો દુકાનનો સામુહિક બહિષ્કાર/બંધ કરવાની ફરજ પાડવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવી.

સરપંચશ્રી

ડાવોલ ગ્રામ પંચાયત

તા.ખેરાલુ,જિ.મહેસાણા

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ડાવોલ ગામમાં બાળકોના સ્વાસ્થ્ય અને ભવિષ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ અને પ્રશંસનીય નિર્ણય લેવામાં આવ્યો છે. ડાવોલ ગ્રામ પંચાયત દ્વારા જાહેર નોટીસ બહાર પાડીને ગામની હદમાં આવતા તમામ દુકાનદારોને ?૫/- અને ?૧૦/-ની કિંમતના નાના પડીકાં (વેફર્સ, કુરકુરે, ચોકલેટ વગેરે જેવા પેકેટ)નું વેચાણ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો

ગ્રામસભામાં લેવાયો નિર્ણય

નાના બાળકોના સ્વાસ્થ્ય પર પડીકાંના સેવનથી થતી વિપરીત અસરોને ધ્યાને રાખીને ડાવોલ ગામના ગ્રામજનો દ્વારા ગ્રામસભામાં ચર્ચા-વિચારણા કરીને આ પડીકાંના વેચાણ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવાયો હતો.

૧૬ ઓગસ્ટથી સંપૂર્ણપણે વેચાણ બંધ કરવાનો આદેશ

જાહેર નોટીસ મુજબ, તમામ દુકાનદારોને તારીખ ૧૫-૦૮-૨૦૨૬ સુધીમાં તેમની પાસે રહેલો જૂનો જથ્થો પૂર્ણ કરી લેવા સૂચના અપાઈ છે. તારીખ ૧૬-૦૮-૨૦૨૬થી ગામમાં આવા નાના પડીકાંનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરવાનું રહેશે.

નિયમ ભંગ કરનાર સામે સખત કાર્યવાહીઃ

પ્રથમ વાર નિયમ ભંગ કરવા પરઃ ?૧,૦૦૦/- નો દંડ ફટકારવામાં આવશે.

બીજી વાર પકડાવા પરઃ સંબંધિત દુકાનનો સામૂહિક બહિષ્કાર કરવામાં આવશે અથવા દુકાન બંધ કરાવવાની ફરજ પાડવામાં આવશે.

ડાવોલ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી મંજુલાબેન ગોવિંદભાઈ પરમાર અને ગ્રામજનો દ્વારા લેવાયેલા આ કડક નિર્ણયની આસપાસના વિસ્તારોમાં ભારે સરાહના થઈ રહી છે. બાળકોને બિનઆરોગ્યપ્રદ ખોરાકથી દૂર રાખવા અને તેમના સ્વાસ્થ્યની જાળવણી માટે અન્ય ગ્રામ પંચાયતો માટે પણ આ નિર્ણય એક પ્રેરણારૂપ સાબિત થશે. •

# સાબરકાંઠાઃ ખેડબ્રહ્મા–ખેરોજ સ્ટેટ હાઈવે પર ક્ષતિગ્રસ્ત ભાગોનું સમારકામ શરૂ




ચોમાસામાં વાહનચાલકોની સુગમતા અને સલામતી માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોલ્ડ મિક્સ પદ્ધતિથી પેચવર્ક હાથ ધરાયું

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન માર્ગોની સ્થિતિને ધ્યાને લઈ માર્ગ અને મકાન (R&B) વિભાગ દ્વારા રસ્તાઓની યોગ્ય જાળવણી અને ક્ષતિગ્રસ્ત ભાગોના સમારકામની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે. જેના ભાગરૂપે ખેડબ્રહ્મા તાલુકામાંથી પસાર થતા ખેડબ્રહ્મા–ખેરોજ સ્ટેટ હાઈવે (SH-9) પર જરૂરી સ્થળોએ પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, વરસાદના કારણે માર્ગની સપાટી પર પડેલા ખાડા અને નુકસાનગ્રસ્ત ભાગોનું કોલ્ડ મિક્સ પદ્ધતિનો ઉપયોગ કરીને સમારકામ કરવામાં આવી રહ્યું છે. આ આધુનિક અને ઝડપી પદ્ધતિથી પેચવર્ક થવાથી રસ્તાની સપાટી સમતલ થશે, જેથી વાહનચાલકોને અવરજવર દરમિયાન પડતી મુશ્કેલીઓમાંથી મોટી રાહત મળશે.

સંબંધિત વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસા દરમિયાન વાહનચાલકો માટે સલામત, સુગમ અને સુવ્યવસ્થિત વાહનવ્યવહાર સુનિશ્ચિત કરવો એ તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તંત્ર દ્વારા માર્ગોની સ્થિતિનું સતત નિરીક્ષણ (Monitoring) કરવામાં આવી રહ્યું છે અને જ્યાં પણ નુકસાન જણાય ત્યાં તાત્કાલિક ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. •

# ઇડરના મધ્યાહન ભોજનમાં હલકી ગુણવત્તાના અનામી મસાલાની બોલબાલા, બાળકોના આરોગ્ય સામે ખતરો!

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન (MDM) યોજના ફરી એકવાર ગંભીર વિવાદ અને શંકાના ઘેરામાં આવી છે. શાળામાં અભ્યાસ કરતા ભૂલકાંઓને પૌષ્ટિક અને ગુણવત્તાસભર ભોજન આપવાના સરકારના દાવાઓ વચ્ચે ઈડર તાલુકામાં માન્ય કે બ્રાન્ડેડ કંપનીઓના મસાલાને બદલે ખુલ્લા, વગર પેકિંગના અને હલકી ગુણવત્તાના મસાલા વાપરવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો અને લોકચર્ચા જાગી છે.

ખુલ્લા અને અનામી મસાલાથી આરોગ્ય સામે ગંભીર જોખમ

મળતી માહિતી મુજબ, તાલુકાની વિવિધ શાળાઓમાં બાળકો માટે રસોઈ બનાવવા માટે કોઈ પણ પ્રકારના માન્ય કે બ્રાન્ડેડ મસાલા વાપરવામાં આવતા નથી. તેના બદલે ચોક્કસ એજન્સીઓ કે સપ્લાયરો પાસેથી છૂટા, પેકિંગ વગરના અને અનબ્રાન્ડેડ મરચું, હળદર, મીઠું તથા અન્ય ગરમ મસાલાઓ ખરીદવામાં આવી રહ્યા છે. આરોગ્ય માટે આ ખુલ્લા મસાલા કેટલા સુરક્ષિત છે તે અંગે ભારે શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે. આવા અનામી મસાલાઓમાં ભેળસેળ હોવાની પૂરેપૂરી શક્યતા હોવા છતાં તેનું ખુલ્લેઆમ વિતરણ થઈ રહ્યું છે.

અધિકારીઓની 'રહેમનજર' હેઠળ ખરીદીનું મોટું કૌભાંડ?

સ્થાનિક સૂત્રોમાં ચાલતી ચર્ચા મુજબ, મધ્યાહન ભોજન યોજના સાથે સંકળાયેલા કેટલાક જવાબદાર અધિકારીઓની સીધી રહેમનજર હેઠળ આ આખું ખેલ ચાલી રહ્યો છે. મધ્યાહન ભોજનના સંચાલકોને ચોક્કસ એજન્સી કે નક્કી કરેલા સપ્લાયર પાસેથી જ મસાલા ખરીદવા માટે આડકતરી રીતે ફરજ પાડવામાં આવે છે. અધિકારીઓના મેળાપીપણામાં સંચાલકો પણ કોઈ પણ જાતના ડર વગર બેરોકટોક હલકી ગુણવત્તાના મસાલાની ખરીદી કરી રહ્યા છે, જેમાં મોટા પાયે કમિશનખોરી ચાલતી હોવાનો આક્ષેપ પણ ઉઠી રહ્યો છે.

હસનપુરા શાળાની ઘટનામાં મસાલાની ભૂમિકા અંગે શંકા

તાજેતરમાં જ ઈડર તાલુકાની હસનપુરા પ્રાથમિક શાળામાં બાળકોને ખોરાકી ઝેર (ફૂડ પોઈઝનિંગ) થવાની ગંભીર ઘટના બની હતી. આ ઘટના બાદ વાલીઓ અને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકચર્ચા મુજબ, હસનપુરા શાળામાં બનેલી ઘટના પાછળ પણ આ છૂટા, પેકિંગ વગરના અને ભેળસેળયુક્ત બનાવટી મસાલા જ મુખ્ય જવાબદાર હોવાનું માનવામાં આવી રહ્યું છે. ભોજનમાં વપરાયેલા અનામી મસાલાને કારણે જ બાળકોની તબિયત લથડી હોવાની શક્યતાઓને પગલે તપાસની માંગણી તીવ્ર બની છે.તટસ્થ તપાસ અને કડક કાર્યવાહીની માંગ બાળકોના જીવ સાથે ખુલ્લેઆમ થઈ રહેલા આ ખેલ સામે વાલીઓ અને જાગૃત નાગરિકોમાં ભારે આક્રોશ છે. લોકોની માંગ છે કેઃ

આરોગ્ય વિભાગ અને અન્ન-ઔષધ નિયમન તંત્ર (Food & Drugs Department) દ્વારા તુરંત જ તમામ શાળાઓ અને સપ્લાયરોના મસાલાના સેમ્પલ લઈ લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવે.ભ્રષ્ટ અધિકારીઓ અને હલકી ગુણવત્તાનો માલ સપ્લાય કરતી એજન્સીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે.શાળાઓમાં માત્ર FSSAI માન્યતાપ્રાપ્ત અને બ્રાન્ડેડ પેક્ડ મસાલા જ વપરાય તેવું સખત નિયમન અમલી બનાવવામાં આવે. જો સમયસર આ મુદ્દે યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો આગામી દિવસોમાં મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

ડ્રગ્સ એન્ડ ફૂડ વિભાગ દ્વારા નમૂના લેવાયા ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઈડર સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ડ્રગ્સ એન્ડ ફૂડ વિભાગની ટીમે હસનપુરા પ્રાથમિક શાળા અને હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ડ્રગ્સ એન્ડ ફૂડ વિભાગની ટીમે હસનપુરા પ્રાથમિક શાળા અને હોસ્પિટલ ખાતે પહોંચી ભોજનના સેમ્પલ લીધા છે. આ નમૂનાઓને વધુ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે, જેથી ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકે.

દોષિતો સામે કડક કાર્યવાહીની ખાતરી મધ્યાહન ભોજન યોજના અને પુરવઠા વિભાગ સામે વાલીઓ તથા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારની બેદરકારી ચલાવી લેવાશે નહીં અને તપાસમાં જે પણ કસરવાર કે દોષિત ઠરશે તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. •

# વર્ષોથી સેવા આપતા સફાઈ કામદારોને સિનિયોરિટી મુજબ કાયમી કરવાની માંગ, ૧૫ દિવસનું આખરી અલ્ટીમેટમ



મહીસાગર જિલ્લાના લુણાવાડા નગરપાલિકામાં વર્ષોથી સફાઈની કામગીરી કરી રહેલા વર્ગ-૪ના રોજમદાર સફાઈ કામદારોને સિનિયોરિટીના ધોરણે કાયમી કરવાની માંગ સાથે આજરોજ તારીખ ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ લુણાવાડા નગરપાલિકા તંત્રને ૧૫ દિવસનું આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. જેમાં સામાજિક એકતા જાગૃતિ મિશન અને અખિલ ભારતીય શ્રમિક સંઘ દ્વારા લુણાવાડા નગરપાલિકાના ચીફ ઓફિસર તથા પ્રમુખશ્રીને લેખિત રજૂઆત કરી જણાવાયું છે કે, વર્ષોથી શહેરની સફાઈ વ્યવસ્થા જાળવતા સફાઈ કામદારોને તેમનો ન્યાયિક હક મળવો જોઈએ.

આ રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે નગરપાલિકામાં વર્ગ-૪ની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પર વર્ષોથી સેવા આપતા સફાઈ કામદારોની સિનિયોરિટી અને સેવા સમયગાળાને પ્રાથમિકતા આપવામાં આવે તેમજ તેમને કાયમી કરવા અંગેની સંપૂર્ણ સત્તાવાર દરખાસ્ત જરૂરી આધાર-પુરાવા સાથે પ્રાદેશિક કમિશનરશ્રી તથા સંબંધિત ઉચ્ચ કચેરીને તાત્કાલિક મોકલવામાં આવે

આ સંગઠનો દ્વારા લુણાવાડા નગરપાલિકા તંત્રને આજથી ૧૫ દિવસનું આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.

આ સમયગાળામાં સત્તાવાર દરખાસ્ત ઉચ્ચ કચેરીએ નહીં મોકલવામાં આવે તો તમામ પીડિત સફાઈ કામદારોને સાથે રાખીને લુણાવાડા નગરપાલિકા કચેરી સામે આવનાર ગણતરી ના દિવસોમાં અનિશ્ચિત મુદતના ધરણા-પ્રદર્શન અને આંદોલન શરૂ કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

વધુમાં આ બાબતે રજૂઆતની નકલ જાણ તથા આગોતરી સૂચના માટે મહીસાગર જિલ્લા કલેક્ટરશ્રી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરશ્રી, વડોદરા ઝોન તથા મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને પણ મોકલવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરના સફાઈ કામદારોના વર્ષો જૂના પ્રશ્નો વહેલી તકે ન્યાયી ઉકેલ આવે અને સિનિયોરિટીના ધોરણે કાયમી કરવાની પ્રક્રિયા શરૂ થાય તેવી માંગ સાથે

હવે સામાજિક એકતા જાગૃતિ મિશન અને અખિલ ભારતીય શ્રમિક સંઘ રજી. તેમજ લુણાવાડા શહેરના સફાઈ કામદારો ની તેમજ સામાજિક એકતા જાગૃતિ મિશન અને અખિલ ભારતીય શ્રમિક સંઘ રજી. ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી વિમલ સોલંકી નેજા હેઠળ

લુણાવાડા નગરપાલિકા તંત્રના આગામી નિર્ણય પર સૌની નજર છે. ●

## હિંમતનગરની ૪૦ વર્ષ જૂની રોટરી ક્લબ ઓફ હિંમતનગરનો ભવ્ય પદગ્રહણ સમારોહ યોજાયો

# રોટેરિયન મનીષ કિંમતાણી પ્રમુખ બન્યા

# ૧૨૩ સભ્યોએ શપથ લીધા, સેવા અને સમાજકલ્યાણના કાર્યો માટે સંકલ્પ




હિંમતનગરની ૪૦ વર્ષ જૂની અને શહેરની અગ્રણી સેવાકીય સંસ્થારોટરી ક્લબ ઓફ હિંમતનગરનો વર્ષ ૨૦૨૬–૨૭ માટે પ્રમુખ, સેક્રેટરી, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ નવા સભ્યોના શપથવિધિનો ભવ્ય પદગ્રહણ સમારોહ હિંમતનગર ખાતે ભવ્યતાપૂર્વક યોજાયો હતો. સમારોહમાં હિંમતનગરના ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલા, હિંમતનગર કેળવણી મંડળ અને શ્રી શામળાજી મંદિરના ટ્રસ્ટી શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ, ઈન્સ્ટોલેશન ઓફિસર શ્રી નૈમિષ રવાની, ઈન્ડક્શન ઓફિસર ડૉ. અરુણ પરીખ તથા આસિસ્ટન્ટ ગવર્નર શ્રી અજય પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા

સમારોહનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનું ફૂલછડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન હિંમતનગર રોટરી ક્લબ દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર સેવાકાર્યો બદલ ક્લબને પ્રાપ્ત થયેલા ૧૫ એવોર્ડની પણ ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રોટરી ક્લબના ઈતિહાસમાં પ્રથમ વખત એકસાથે ૧૦૦ નવા રોટેરિયન સભ્યોએ શપથ ગ્રહણ કર્યા હતા. ત્યારબાદ રોટેરિયન મનીષ કિંમતાણીએ પ્રમુખ તરીકે અને રોટેરિયન જયપ્રકાશ રાવલે સેક્રેટરી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેમની સાથે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ટીમે પણ શપથ લીધા હતા. આમ કુલ ૧૨૩ સભ્યોના શપથગ્રહણ સાથે આ સમારોહ ઐતિહાસિક બની રહ્યો હતો.

હિંમતનગર રોટરી ક્લબના નવા પ્રમુખ તરીકે રોટેરિયન મનીષ કિંમતાણીની વરણી ખાસ નોંધપાત્ર રહી હતી. ક્લબના સૌથી ઓછી ઉંમરના પ્રમુખોમાં સ્થાન મેળવનાર મનીષ કિંમતાણીને તેમની સતત મહેનત, કાર્યક્ષમતા, સંગઠનક્ષમતા અને સેવાભાવી અભિગમના આધારે પ્રમુખપદની જવાબદારી સોંપવામાં આવી હતી. નાની ઉંમર હોવા છતાં તેમણે પોતાની નેતૃત્વ ક્ષમતા, સમર્પણ અને પરિણામલક્ષી કાર્યશૈલીથી ક્લબના સભ્યોનો વિશ્વાસ જીત્યો છે. તેમના નેતૃત્વ હેઠળ ક્લબે ૧૦૦ નવા સભ્યોને જોડીને કુલ ૧૨૩ સભ્યોના શપથગ્રહણ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જે તેમની કાબિલિયત અને ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે.

નવનિયુક્ત પ્રમુખ રોટેરિયન મનીષ કિંમતાણીએ જણાવ્યું હતું કે, ક્લબ દ્વારા આગામી વર્ષ દરમિયાન ૫૦૦ બોટલ રક્તદાનનો લક્ષ્યાંક, શહેરની વિવિધ સોસાયટીઓના કોમન પ્લોટમાં ૧૦,૦૦૦ વૃક્ષોના રોપાઓનું વાવેતર, તેમજ સ્લમ વિસ્તારોમાં બાળકોને તેમના ઘરે જઈ શિક્ષણ આપવાની સેવા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ક્લબ દ્વારા અત્યાર સુધીમાં ૪૫ બોટલ રક્તદાન અને ૧૫૦ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મેડિકલ, શિક્ષણ, પર્યાવરણ અને માનવ કલ્યાણના ક્ષેત્રોમાં વિવિધ સેવાકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે. ખાસ કરીને સર્વાઈકલ કેન્સર નિદાન માટે પાંચ સ્ક્રીનિંગ મશીનો ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ મહિલાઓ માટે રસીકરણ અભિયાન પણ હાથ ધરવામાં આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પોતાના સંબોધનમાં રોટરી ક્લબ દ્વારા સમાજસેવાના ક્ષેત્રમાં કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી અને નવનિયુક્ત પ્રમુખ રોટેરિયન મનીષ કિંમતાણી તથા તેમની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. મહેમાનોએ રોટરી ક્લબના સેવાકાર્યોને સમાજ માટે પ્રેરણાદાયી ગણાવી ભવિષ્યમાં જરૂરી તમામ સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી. ●

**આપના વિસ્તારના કોઈપણ સમાચાર અમોને મોકલો**

**આપના ધંધાની જાહેરાત આપવા માટે સંપર્ક કરો**

**મો.૯૮૯૮૬૯૩૯૮૫**